# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **મોડીરાત સુધીની લંબાણપૂર્વકની ચર્ચા બાદ યુસીસી બીલને વિધાનસભા ગૃહે બહાલી આપી.રાજ્યપાલની મંજૂરી બાદ કાયદો રાજ્યમાં અમલમાં આવશે**
2. **યુસીસી બિલમાં લગ્ન નોંધણી ફરજીયાત કરાવાની જોગવાઇ , લીવ ઇન રિલેશનશીપની પણ નોંધણી જરૂરી અને પુરુષ વારસાઇ કર્યા વિના મૃત્યુ પામે તો પરિજનોને સમાન હક્કની જોગવાઇ**
3. **રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને LPG જથ્થાની વર્તમાન સ્થિતિની તમામ જીલ્લાના કલેક્ટર સાથે વિડિયો કોન્ફરન્સથી મુખ્યમંત્રીએ સમીક્ષા કરી**
4. **રાજ્યામાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી વધારો થાય તેવી શક્યતા**
5. **પોરબંદરના યાર્ડમાં 8 દિવસમાં 500 બોક્સ કેરીની આવક,પ્રતિકીલોના 100 થી 290 રૂપિયાના ભાવ**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# UCC BILL REACTIONS

વિધાનસભામાં મોડી રાત્રે લંબાણ પૂર્વકની ચર્ચાઓ બાદ યુસીસી બીલને ગેહ બહાલી આપી હતી આ અંગેની પ્રતિક્રિયાઆપતા ગુજરાતના ભાજપના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માએ તેને ઐતિહાસિક ગણાવ્યુ હતું

(બાઇટ જગદીશ વિશ્વકર્મા)

જ્યારે વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે પણ પણ આ બિલ પસાર થવા અંગે ખુશી વ્યક્ત કરી હતી.

(બાઇટ- અમિત ઠાકર, ધારાસભ્ય)

----------

# UCC BILL PASSED

ગુજરાત વિધાનસભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સમાન નાગરિક સંહિતા-યુસીસી વિધેયકને રજૂ કરાયું હતું. જેને ચર્ચાના અંતે વિધાનસભા ગૃહમાં બહાલી આપવામાં આવી હતી.વિધાનસભામાં યુસીસી વિધેયકને રજૂ કરનાર ગુજરાત દેશનું બીજું રાજ્ય બન્યું છે. રાજ્યપાલનીમંજૂરી બાદ આ વિધેયક કાયદાનું સ્વરૂપ લેશે અને તેને રાજ્યમાં અમલમાં મૂકવામાં આવશે.તેમ સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યુ હતું.

(બાઇટ- જીતુ વાઘાણી , પ્રવક્તા મંત્રી)

સમાન નાગરિક સંહિતા-યુસીસી વિધેયકને કુલ ચાર ભાગમાં તૈયાર કરવામાં આવ્યું છે. આ બિલની જોગવાઇ મુજબ હવે રાજ્યમાં થતા દરેક લગ્નની નોંધણી ફરજિયાત રહેશે. ગુજરાતમાં હવેથી થતા દરેક લગ્નની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. તેમજ યુસીસીના અમલ અગાઉના લગ્ન માટે પણ નોંધણીની ચોક્કસ પ્રક્રિયા નક્કી કરવામાં આવશે.ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલા યુસીસી વિધેયકમાં લગ્ન, વારસાગત તેમજ અન્ય મુદ્દાઓ માટે સમાન નિયમો લાગુ થશે. વસિયત ન કરી હોય તો સંપત્તિમાં તમામની સમાન અધિકાર રહેશ.

(બાઇટ- જીતુ વાઘાણી , સરકારના પ્રવક્તા મંત્રી)

..............................

# CM VIDHANSABHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  યુસીસી બાબતે ગૃહમાં જવાબ આપતાં જણાવ્યું હતું કે, સમાન નાગરિક સંહિતામાં કોઈની સ્વતંત્રતા પર તરાપ મારવાની વાત નથી.યુસીસી વિધેયક રજૂ કરનાર ગુજરાત દેશનું બીજુ રાજ્ય બન્યું તેનું સૌને ગૌરવ હોવું જોઈએ .

# UCC NIVEDAN

રાજ્યની વિધાનસભામાં યુસીસી બિલ મુદ્દે ચર્ચામાં ભાગ લેતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું કે  આ કાયદો આદિવાસી સમાજના રીતિ-રિવાજોના રક્ષણ માટે છે અને વિરોધ પક્ષ બેવડું વલણ અપનાવી રહ્યો છે. કોંગ્રેસના અમિત ચાવડાએ આ બિલને ચૂંટણી લક્ષી ગણાવ્યુ હતું જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય  શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, યુસીસીનો કાયદો માત્ર રાજ્યના નાગરિકો પૂરતો જ સીમિત રહેશે કે અન્ય પર તેની અસર થશે? તેમ કહીને તેમણે સરકારને સવાલ કર્યા હતા.

# CM TWEET UCC BILL

વિધાનસભામાં યુસીસી બીલને બહાલી આપ્યા બાદ મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયાના માધ્યમથી ખુશી જાહેર કરી હતી. તેમણે સોશિયલ મીડિયાના માધ્યમ એકસ પર લખ્યુ હતું કે

ગુજરાત વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા (UCC) વિધેયક બહુમતીથી પસાર થવા બદલ રાજ્યના સૌ જનપ્રતિનિધિઓ અને સૌ નાગરિકોને અભિનંદન પાઠવું છું. ગુજરાત અને દેશ માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. આ સાથે જ ગુજરાત UCC લાગુ કરનારૂ દેશનું બીજું રાજ્ય બન્યું છે. સમાન નાગરિક સંહિતાના અમલના લીધે રાજ્યમાં લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું અમલમાં આવશે. તમામ ધર્મ અને જ્ઞાતિની મહિલાઓને સમાન અધિકારો મળે તે સુનિશ્ચિત થશે, જેથી તેમના સન્માન અને સુરક્ષાની સ્થિતિ વધુ સુદૃઢ બનશે. સાથે જ, ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ ધ્યાનમાં રાખવામાં આવી હોવાથી કોઈ સમુદાયને અન્યાય ન થાય તેનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

ગોન્ગ મ્યુઝિક

# Cm video Conference

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના તમામ જિલ્લાના કલેક્ટર સાથે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી. બેઠકમાં પેટ્રોલ, ડીઝલ અને LPG જથ્થાની વર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ દરેક જિલ્લામાં આવશ્યક ઈંધણનો પુરવઠો અવિરતપણે જળવાઈ રહે અને નાગરિકોને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે તે માટે વહીવટીતંત્રને સતત દેખરેખ રાખવા અને પૂરતું સંકલન સાધવા કલેક્ટરશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી.

શ્રી પટેલે રાજ્યના નાગરિકોને અપીલ કરી હતી કે, રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, માટે ઈંધણની અછત અંગેની કોઈપણ અફવાઓથી દૂર રહેવું અને ગભરાટમાં આવીને બિનજરૂરી ખરીદી ન કરવી.

# PNG MONA KHANDHAR

રાજ્ય સરકારે કેટલાક મહત્વના ફેરફાર કરી વાણિજ્યિક પીએનજીની ફાળવણીમાં વધારો કર્યો છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે જણાવ્યું,.

પહેલા જે સેક્ટર્સને પીએનજીની **10%** ની ફાળવણી કરેલી હતી. તેમાં વધારો કરીને **25%** ની ફાળવણી કરવામાં આવશે.

**(BYTE –MONA KHANDHAR )**

# WEATHER

રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધશે.રાજ્યના વાતાવરણમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધઆરો થશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.જોકે આજના દિવસ દરમિયાન વાતાવરણ શુષ્ક રહેશે.જ્યારે દરિયાઈ વિસ્તારમાં પવનની દિશા ઉત્તર પશ્ચિમ ઉત્તરીય રહેવાની પણ આગાહી હવામાન વિભાગે કરી છે.

**(BYTE – PRADEEP SHARMA)**

**PORBANDAR MANGO**

પોરબંદરના બરડા પંથકમાં પણ કેરીના બગીચામાં ફાલ વહેલો આવતા સમગ્ર રાજ્યમાં સૌપ્રથમ પોરબંદરના યાર્ડમાં કેરીની આવક શરૂ થઈ છે જેથી પોરબંદરના યાર્ડમાં છેલ્લા 8 દિવસમાં 500 બોક્સ કેરીની આવક નોંધાઈ છે જેનો પ્રતિકીલોના રૂપિયા 100 થી 290 ભાવ બોલાયા હતા.

પોરબંદર જિલ્લાના બીલેશ્વર, ખંભાળા,રાણાવાવ અને આદિત્યાણા પંથકના બગીચામાંથી કેરીની આવક થઈ હતી.યાર્ડમાં આવક થયેલ કેરીના પ્રતિકીલોના ખેડૂત અને ઇજારેદારો રૂપિયા 260 થી 375 ભાવ મળ્યા હતા.અહીંની કેરીનો સ્વાદ ખુબજ અનોખો હોવાથી તેનો ભાવ અને માંગ ઉંચા રહે છે.